सिंघी इन्द्रचंद भवतमलजी
सिरोही की तरफ से भेट।

REGISTERED NO. B 446

हिंदी मासिक प्रत्येक मास प्रगट होता है.

# जैन विवेक प्रकाश

समग्र जैन हितार्थ

संपादक और प्रकाशक

## यति ज्ञानचंद्र

पुस्तक पांचवा    भाद्रपद.    अंक ११.

### एक पंथ दो काज.

यह मासिकके नये ग्राहक होनेवालेको दुप्पट लाभ मिलेगा. जैसा की उनोको यदि इच्छा होवेगी तो पंच प्रतिक्रमण वा जैन संस्कार विधि आठ आठ आनेमें दिई जायगी. इतनाहि नही परं उनोकों दोनों-का टपाल महसूल भी माफ किया जायगा परं पुस्तक देढ रुप्ये के वी. पी. सें भेज के मासिक लवाजम पहिलेसें वसुल किया जायगा याने देढ रुप्येमे अढाइ रुप्येका लाभ होगा. जैसा की एक रुप्या तीन आने टपाल सह विवेक प्रकाशके वार्षिक लवाजमका, एक आना वी. पी. का, एक रुप्या पुस्तकका, चार आना पुस्तक टपालका.

अर्थात् नये ग्राहकोंको मात्र चार आना टपाल फीसेंसें विना मोल एक रुप्येका पुस्तक मिलेगा.

### जाहिर खबर.

जैनविवेक प्रकाशके, किंकी ग्राहकोंको सविनय प्रार्थना है की यह मासिकका जीवन मात्र लवाजमहे. चालु वर्षका लवाजम जिसने न भेजा होय उनोने टपाल सह एक रुप्या तीन आने तुरंत हरकोई रीतीसे हमको भेज देना. इनसे एक आनेका फायदा होगा. अगर न भेजेंगे तो आशो मासका अंक वी.पी. सें भेजा जायगा सो स्वीकार लेणा होगा. टपालवालोंकी गलतीसें जिसको जो अंक न मिला होय हमकों क्यार्ड लिख मंगाय लेना

वार्षिक लवाजम टपालसह एक रुप्या तीन आना.

धार्मिक संस्थासे टपालसह सात आना.

" मुंबई-शांति सुधाकर-प्रेस. "

# વિદેશી ખાંડની ભ્રષ્ટતાની પરીક્ષા.

વિદેશી ખાંડની ભ્રષ્ટતાની પ્રત્યક્ષ પરીક્ષામાટે અમોને એક ગ્રહસ્થ લખીજણાવેછેકે થોડીક મોરીસખાંડ લઈ તેના ઉપર ગંધકનો તેજાબ નાખવાથી ખાંડ બલીજાયછે અને ચામડા જેવી ગંધ આવેછે. ત્યારપછી તેના ઊપર પાણી રેડવાથી ચોખે ચોખી ચાંમડાની દુરગંધ આવેછે. થોડીક મોરીસ ખાંડલઇ તેને પાણીમાં નાખી ઊકાળવી ત્રણભાગનું પાણી બલી જાય ત્યારે તે પાણી ઝગઝગતા અંગારા ઉપર રેડવાથી ચાંમડા જેવી દુર્ગંધી આવેછે. આબન્ને અખતરા સ્વદેશીખાંડ ઊપર કરી જોવામા આવ્યાછે તે માંથી ઊપર પ્રમાણે બધપો આવતી નથી પણ સેરડીના રસ જેવી સુગંધ આવેછે.

આ ઊપરથી પ્રત્યક્ષપ્રમાણે સિધ્ધ થાયછે કે વિદેશી ખાંડમાં બલદ ગાય, અથવા સુવરનું લોહીહાડકાં આવેછે એવાત ખરીછે. જયારે વિદેશી ખાંડમાં ઊપર પ્રમાણે અભક્ષ પદારથો આવેછે ત્યારે ફકત લોભની લાલચે અભક્ષ પદારથ ખાવા એશું જૈન ધર્મની આર્યતાને લાયકછે ? જયારે લોભને ખાતરજ અભક્ષ પદારર્થનું સેવન કરવામાં આવસે ત્યારે પછી અભક્ષના પચખાણ શીરીતે પળી શકશે ? જયારે વ્રતપચખાણ પળે નહી તો પછી જૈનોની જૈનતા કયાં રહી ? માટે મારા વાહલા જૈન બંધુઓ !! જરા વિચાર કરોકે દરેકે દરેક ગામોમાં વિદેશી ખાંડના જમણો, સ્વામીવચ્છલો, બંધ કવારમા આવ્યા એવા લેખો આપણે વારંવાર જૈનમાં, જૈન વિજયમાં, મુંબઈ સમાચારાદિકમાં વાંચીએ છીએ છતાંપણ જો ધરમ ચુસ્ત સમસ્ત જૈનો એકઠા થઇ પોતાના ધરમનો બચાવ નહી કરતાં પજુસણ જેવાં પવિત્ર દીવસોમાં પણ આવી અભક્ષ ખાંડ સાકરના સ્વામી વચ્છલો પવિત્ર ગણાતા દેરાસરોમાં કરવામાં આવસે ત્યારે પછી જૈનધરમ કયાંરહ્યો ? તમોને સ્વદેશી ખાંડ નાં પેસા વધારે બેસતા હોય તો સાકરને બદલે ગોળ વાપરો અથવા ચારજમણો કરતા હો તો બેકરો પણ ધરમ ભ્રષ્ટ ન થાઓ. વિદેશી ખાંડના પતાસાની પ્રભાવના કરવા કરતા બદામો અથવા બીજા પદારથો વેહેચવા લાભકારીછે

આ ઉપરથી મુંબઇના ગોડીજી અને, સાગર સંઘે મોરેસખાંડ પજુસણના સ્વામી વચ્છળોમાં નહી વાપરવી એવો ઠરાવ કીધોછે. આશા છેકે આ ઉપરથી બીજા ગામોમાં પણ આવાજ ઠરાવો થસે અને તેની નકલો અમારા ઉપર મોક લાવી આવશે.

**તાજેકલમ.** આ ચોપાનીયાનો કોઇ પણ અંક જે ઓને નમુનો જોવા મોકલવા આવેલ હોય તેમણે પાછો નહીં મોકલતાં એક કયારડ ઉપર નામંજુરી લખી મોકલવી જોઇએ એકમાસમાં જેઓ નામંજુરી નહી લખી મોકલે તેના નામ રજીષ્ટર થયા ગણી માસીક મોકલવું ચાલુ રાખવામાં આવસે અને તેનુ લવાજમ ધારા પ્રમાણે વસુલ કરવામા આવસે.

એડીટર જૈનવિવેક પ્રકાશ—

# जैन विवेक प्रकाश.

ઝળહળતા ભાનુથકી, થાય તિમિરનો નાશ
મિથ્યામત ઉચ્છેદવા, જૈન વિવેક પ્રકાશ.

## विदेशी खांडनी भ्रष्टता

'आहार तेवो ओडकार' ए कहेवत सर्व कोई जाणेछे. वळी शास्त्रमां कह्युं छेके:—जेवा प्रकारनुं अन्न खावा मां आवेछे, तेवा प्रकारनी बुद्धि थायछे, जेमके दीवो घोर अंधारानुं भक्षण करेछे तो तेमांथी काजळ पेदा थायछे. तेवीज रीते अशुद्ध अने तामस खानपानथी जेमनी बुद्धि भ्रष्ट थइछे. अने विनाशकाळे विपरीत बुद्धि सुझवाथी जेमने सारा खोटा नो—लाभहानिनो विचार रह्यो नथी एवा लोको देशद्रोही अने धर्मभ्रष्ट थइ दुराचार अने अधर्ममां प्रवृत्त थई रह्याछे. तेनो मुख्य दोष मोरस खांडनु सेवन ज छे. कारणके ते अपवित्र पदार्थो वाळी छे. सर्व कोई जाणेछे के खांड अने गोळ शेलडीना रसमांथी बनेछे अने ते दुध वडे साफ थायछे. अने तेवी पवित्र खांड मधुर स्वादीष्ठ, वीर्यवर्धक, सर्व रोग हारक, बळकारक, तृप्तिकारक, श्रमनाशक, नेत्र हितकारी, कान्तिजनक, तथा शीतल अने अत्यंत गुणकारी होवानुं वैद्यक शास्त्र जणावेछे: आवी बळ बुद्धि अने आयुष्यवर्धक शर्करा आगळ आदेशमां पुष्कळ थती हती. चौदमी सदी सुधी युरोपमां खांडनुं कोई नाम निशान पण नहि जाणतुं हतुं, गोळ खांड अने शाकर भरतखंडमांथी लाखोमण परदेशमां जती हती. सने.१८३६ मां बे करोडनी खांड अहींथी दरदेश गई हती. खांडनो उद्योग धम

कारा बंध आदेशमां चालतो हतो. सने १८८८ मां ६१,२१,४३,२८० रतल खांड परदेश खाते जती हती. वळी दक्षिणमां लोको मात्र गोळ बनावता, पण खांड बनाववामां घणो लाभछे अने ते काममां कंपनी सरकार उत्तेजन अने मदद आपवाने खुशीछे एवी मतलबनुं एक जाहेरनामुं अहमदनगरना कलकटर नामदार हेनरी अलेन हेरीसन साहेबनी सहीनुं सने. १८३८ मां कलेटरना एकटींग चीटनीस रावजी कृष्णे प्रसिद्ध कर्युं हतुं. परंतु हाल आ बधो मामलो बदलाई जई विपरीत थयेलुं नजरे पडेछे. अने २०–२५ वर्षो थयां ऑस्ट्रिया. जर्मनी, हंगेरी, मोरीशस अने जावा जेवा परदेशोमांथी दाणादार सफेद चक चकती करोडोनी खांड हिंदमां आवेछे सने. १९०४ नां मार्चनी आखर सुधीमां ६५,१२,४३,२८० रतल खांड हरसाल परदेशथी आ देशमां आवेछे. सने. १८९९ मां १६८०४१ टन परदेशीखांड आवी हती पण १९०४ मां ३४६८४१ टन खांड आवी. एटलेके मात्र पांच वर्षनी मुदतमां बमणा करतां पण वधारे आववा लागी. वळी १९०३ नी साल करतां १९०४ मां एटले मात्र एकज वर्षमां ३. ९८०८६४० एटले लगभग एक करोड रूपैयानी खांड हिंदमा वधारे आवी. हिंदी सरकारे १८९८ नी सालथी प्रसिद्ध करेला हिसाब उपरथी जणायछे के १८९८ मां २७॥ लाख एकर जमीनमां शेरडीनुं वावेतर थयुं हतुं ते घटी जईने १९०३ मां मात्र २२॥ लाख एकर जमीनमां शेलडी ववाई हती. एटलेके पांचवर्षमां शेलडी पांच लाख एकर जमीनमां ओछी वाववामां आवी. हिंदी खांडनो उद्योग आवी रीते पडी भागतो चाल्योछे. हिंदीमां खांडनां केटलां कारखानां बंध थया छे तेनो हिसाब हिंदी सरकारे

राख्यो नथी तोपण एकला संयुक्त प्रांत ( अयोध्या अने प्रयाग ) मां १२० कारखानां बंध थयाछे अने ६० बंध थवानाछे अने सेंकडे १३ टका शेलडी ओछी ववाईछे. एवुं संयुक्त प्रांत नी सरकारे हमणां प्रसिद्ध कर्युंछे. आ बधी खराबी परदेशी सस्ती खांड पुष्कळ आववा लागीछे तेना प्रतापे ज थई छे. हवे ए सस्ती जणाती अने सारी देखाती परदेशी खांड सर्वनाशक अने सत्यानाशी छे ते सप्रमाण जणावीए छीये ते लक्षमां लेवुं. डाकटर युरे बनावेल अने १८४९ मां त्रीजीवार लंडनमां छपायेल डीकसनरी ओफ आर्टस मेन्युफेकचर्स एन्ड माइन्स ( शिल्प अने खनीज पदार्थोना विद्या विषयक कोष ) मां १२०९ मे पाने लखेलुं छेके:-एक तांबानी मोटी चोखंडी डेगमां चुनाना केटलाक पाणी साथे खांड राखेछे. जेमां थोडुं बळदनुं लोही पण नाखवामां आवेछे. अने सेंकडे ५ थी २० टका हाडकांना कोयलानो भुको नाखवामां आवेछे. कोई कोई साफ करनार तो हाडकांना कोयलानो भुको तथा बळदनुं लोही बने मेळवे छे. वळी ए डीकसनरीनी १८६७ मां छपायेली छठी आवृति ना ८२९ मे पाने लख्युं छेके-हलकी खांड बनाववामां आवेछे त्यारे बे टन खांड साफ करवा माटे एक टन हाडकाना कोयलानो भुको काममां लेछे. खांड साफ करवानां जे कारखानां गामोंमाछे तेमां एक टन खांड माटे कोयला काममां लेछे. लोढानी मोटी चारणी जे ५ थी १० फुट गोळ अने १० थी ५० फुट उंची होयछे तेमां हाडकानां कोयलानो भुको भरेछे अने तेमां खांडनो रस रेडी गळी लेछे जेथी स्वच्छ सफेद थायछे. लोहीमां कुदरती रीतेज मीठाश, कोई जातनो क्षार अने रेसाहोयछे तेथी जानवरोना लोहीमांथी तेमज ईंडांनी सफेदीमांथी पण

खांड बनेछे. खांड साफ करनारा तो कहेछेजके तेमां नांखेलुं लोही गाळी लेती वखते नीकळी जायछे पण ए वात तदन खोटीछे. एक नाना ग्लासमां गरम पाणी भरी तेमां दाणादार खांडना दाणा ओगळवा दइ पाणीमां नीचे जामेली वस्तु सारा सूक्ष्मदर्शकयंत्रथी जोई तपासवाथी खात्री थशे के तळीए बेठेली ए वस्तुमां वांका चुका रक्तबीज एकबीजा साथे जोडायला स्फटिकनी पेठे देखाई रह्याछे. रसायनिक परीक्षा करवाथी जणायछे के ए वस्तु जनावरोनां लोहीमां रहेनारी खांड मीठा-शनाभाग ) ना रेसाछे. खांड साफ करती वखत लोही नाखवाथी सौथी वधारे लाभ ए छे के खांड घणी सस्ती पडेछे पण जेने खांडनी सफाइनी दरकार नथी अने खाइने स्वास्थ्यपणुं कायम राखवुं होय, तेमणे तो एकला सस्ता पणा उपर ध्यान नहिज आपवुं एज सारुं छे. दाणादार खांड बनावतां चीतरी चडे छे एटलुंज नहि पण ते खावाथी तनदुरुस्ती पण बगडे छे. खांडमां एटली बधी अपवित्र वस्तुओ अने नानां नानां जीवजंतु, कीडा, मंकोडानी आंतरडीओ, मांस, खोखां तथा शरीरनी अंदरनी नसो तथा रेसा वगेरे रहेछे के मरजी नाहिं छतां पण खास कहेवु पडेछे के विलायती दाणादार खांड कदी कोईए खावा लायक नथी. तेथी अमारी भलामणछे के दुकानोमां वेचाती आवी हलकी अने रोगोत्पादक खांड कोईए लेवीनाहि. एप्रमाणे डाकटर हसल कृत फुड एन्ड इटस एडल टरेशन ( खोराक अने तेमां थती भेळसेळ ) नामना १८५५ मां लंडनमां छपायेल पुस्तकना १७ थी ३१ पानांमां लख्युंछे.

डाक्टर पेररा कृत १८५६ मां लंडनमां छपायेला 'ट्री-

क्स ओफ ट्रेडस ' पुस्तकना ४२ थी ४९ पानामां लखेछे केः- बटाटा तथा सागु ( जे अंजीरथी बनती खांडना समान छे ) थी वनती खांडमा भुरी खांड घणी मेळवेछे. जेवां कारखानां स्टेफोर्ड इसे कसमां छे. एभुरी खांड चीकणी होयछे, अने वेस्ट इंडीआनी खांडना जेवी चमकदार तथा स्फटिक जेवी होती नथी तेथीज वेस्टइंडियानी खांड करतां फीकी, कंइक कडवी अने बेस्वाद होयछे. मीठाइ ( केक टीकडीओ बगेरे ) मीठाइ उपर भभका तथा शोभाने माटे जे रंग आपवामां आवे छे, ते संबंधी मीठाइवाळाओथी तपास करतां जणायुंछे के घणा नाशकारक झेरी पदार्थोथी ए मीठाइ रंगीन बनावायछे. इंग्लांडके जे सुधारानी रंगभूमि छे त्यां उघाडे छोगे बजारमां झेर वेचायछे. अने दुकानो तेवी चीजोथी भरेली देखायछे. वळी डांकटर लेथवी कहेछे केः-गयां त्रण वर्षोमां आ झेरथी सीतेर मरण थयां छे. परंतु तेना अटकाव माटे कंइ उपाय लेवामां आवता नथी. बर्न्स उवींग्रीन ( एक जातनो लीलो रंग ) घणुं खरुं मीठाईयो उपर लगाडायछे, जे जंगालना नामथी ओळखायछे अने तेनो थोडोज भाग मोत नीपजाववाने माटे बसछे. हेनके साहेब जणावेछे केः-एक लीला रंगथी रंगवाथी लीलो देखातो केक जे बाळकोना रंगनी पेटीमां हतो, ते चुसवाथी त्रण वर्षनो एक छोकरो मरीगयो. १८४७ ना सप्टेंबरमां त्रण पुरुष अने आठ छोकरांए एवी रंगेली मीठाई खाधीहती, तेथी तेमने उलटी थती हती. जेथी सारवार माटे तें बधांने मेरील बोनवर्क हाउस मां मोकल्यां हतां. ए अगीयार जणांए वे पेनीनी मीठाई लईने खाधी हती अने तेनी असर मात्र दश मिनिटमां ज थई हती. आ रंग कषायला पदार्थोथी बनेलोहतो. वळी डाकटर लेथवी एक

बनाव विषे जणावेछे केः-लंडन होस्पीटलमां बेनानी छोडी-योने झेरना इलाज माटे १८६० मां लाववामां आवीहती. ते मणे पेथीकोट लेनमां रहेता याहुदी पासेथी खांडनां बनेला विभूषण अने रंगदार मीठाइ लीधांहतां. जे खाधा पछी थोडी वारे उलटी, पेटमां दुखावो अने मोढामां अगन थवा लाग्यां. उलटीमां नीकळी आवेला पदार्थनुं पृथक्करण करवाथी मालम पडयुंके तेमां सोमल तांबु जसत अने लोह वगेरे पदार्थ के जे मीठाइमां हता, ते देखाया. माटे खांडना रमकडां खावा नहि

वळी दाणादार चलकती विदेशी खांड आवेछे ते आवी भ्रष्ट पदार्थोना भेळसेळ वाळी होवा छतां ते शेलडीमांथी नहि बनावतां बटाटा, गाजर, सलगम, बीट, खजुर, ताड, नारियेल मकाइ, तोडी मेपील, शकरीयां, साबुदाणा, जुवार, घउं वगेरे पदार्थोमांथी बनावेछे. अने तेमां लोही, माणसनो पेसाब अने हाडकांनो भुखो एवी अपवित्र चीजो नांखवामां आवेछे जे थी ए खांड खावाथी घणा रोग थायछे ते विषे वर्तमानपत्रो अने वैद्य डाकटरोना अभिप्राय विस्तार थवाना भयथी संक्षेपमां जणावी एछीये.

**'ज्ञानसागर समाचार,** मुंबई ता. १५-१२-५ मां लखेछे केः-हालमां एटली बधी विलायती वस्तुओ आववा लागीछे के मोज शोख उपरांत अपवित्र खावा पीवाना पण घणा पदार्थो आवे छे तेमां सौथी वधारे अशुद्ध पदार्थ खांडछे. अने जे लाखोमण पवितात्रनी डींग हांकनारो हिंदुसमाज खुशी थी खाय छे. एटलुंज नहि पण परमपवित्र तथा पूज्यनिय देवताओने ए अशुद्ध खांडना भोग धरावेछे दानमां आपेछे. शुद्धाचार अने पवित्रता पाळनार धर्मचुस्त हिंदुप्रजा विगेरेना श-

रीरमां आ भ्रष्ट खांडना सेवनथी अशुद्धता पेसीगई छे तेनुं प्रायश्चित करवानी घणीज भारेजरूर जणायछे. शास्त्रमां कह्युं छे के अजाणतां थयेलुं पाप-अधर्म प्रायश्चितथी छुटेछे, पण जाणीबुझीने करेलुं पातक छुटतुं नथी. विदेशी खांड खावाथी धर्म रही शकतो नथी अने भयानक रोग उत्पन्न थायछे. तो एवी भ्रष्ट चीजने जरा सस्ती होवाना लोभथी शुं नाहिं तजी देवी ? सस्ती समजवामां पण मोटी भुल छे, केमकेते गळपणमां ओछी होय छे एटलेके देशी खांड एकशेर जे काम आपेछे तेटलुं विदेशी बशेर खांड पण आपी शकती नथी. अने पैसा परदेश जायछे. पण देशी खांडना पैसा तो आदेशमां रहेछे अने भुखे मरता गरीब खेडुतोने तथा जमीनदारोने मळेछे. विदेशी खांड लोही अने घणा रोगो तथा झेर वगेरेथी मरेला जानवरोना हाडकां थी तथा माणसना मुत्रथी साफ थायछे. संभवछे के प्रमेह चांदी टांकी अने उपदंश रोगोथी पीडित माणसोनुं मूत्रपण तेमां आवतुं हशे. चरक सुश्रुत आदि वैद्यक ग्रंथोमा लखेछे के:– 'अशुद्ध भ्रष्ट दुर्गंधवाळा पदार्थो खावाथी घणी जातना रोग उत्पन्न थायछे तथा बुद्धिभ्रष्ट थायछे'. लगभग वीस वर्षो थयां आ सफेद अने चमकदार खांड आदेशमां आववा लागी छे; त्यारथी स्वधर्म सेवी पवित्रा चार प्रियसज्जनोने आ चळकती विदेशी खांडनी भ्रष्टताने माटे वहेम पडवाथी तथा तेवी कंइक खात्री थवाथी तेवी दाणादार चकचकित खांड तेओ वापरता न होता. तेम बजारनी मिठाइ पण नहि खाताहता. अने पुछवा थी तेनी भ्रष्टताने माटे कहेता. त्यारे एवा धार्मिक पुरुषोनी कटेलाक कमअक्कल पुरुषो ठठा मस्करी करताहता. पण हाल ते सघळुं पोगळ बहार पडयुंछे अने अंते धर्मनो जय थयोछे. पण

कमअक्कल नादानोए हवे नादानी-कुबुद्धि छोडीदइ हवे ठेकाणे आववुं जोइयेछे. अर्थात् तन मन धन अने धर्मनो नाश करनारी-सर्वनाशी विदेशी खांड छोडीदइ शुद्ध अने गुणकारी स्वदेशी खांड वापरवी जोइये छे.

'पैसा अखबार' लाहोर ता. १८-७-०४ मां लखे छे केः-देशी खांड थी बनेली मीठाइ करतां विलायती खांडनी मीठाइ बहु सफेद देखाय छे. तेमां खराबीनी वात तो ए छे के आंजकाल स्त्रीओ पण आ खराब चीज ( अपवित्र मोरस खांड ) पसंद करवा लागी छे. आ खांड वधारे वपराय छे तेनुं मुख्य कारण ए छे के ए खांडनी चासणी बनाववामां वधारे मेहनत नथी पडती अने सहजमां काम थइ जाय छे. खांड जे शर्करा कहेवाय छे अने विलायतनी घणी खरी भाषामां खांडनां नाम शर्करा शब्दने मळतांछे. जेमके लाटिनमां सचरम, फ्रेंचमां सुकरे, जर्मनमां शुकर, अंग्रेजीमां शुगर, डचमां स्विकर, स्वीडनमां सोकरे, रशियनमां सचर, इटालीमां सुक्रो, स्पेनमां सजुकर, पोर्तुगलमां असुकर, अरबीमां शुकिर अने फारसीमां शक्कर कहे छे. माटे विलायती खांडना रसास्वादनी तरफ दुर्लक्ष रखाय छे ए ठीक नथी थतुं. ए खांड बेलज्जत अने कंइक अंशे झेरीली पण होय छे. एक बंगाली पत्रे केटलाक वखत उपर लख्युं छे केः-ए झेरी खांड विलायत थी हिंदमां आववा लागी छे अने घरोमां ते वपरावा लागी छे. तेने 'टिन कलोराइड' रसायनथी रंग आपवामां आवे छे तेथी करी तेनी असलियत पीछानी जाती नथी. हरेक समजु माणसनी फरज छे के ते अज्ञान पुरुषो तथा स्त्रीओने समजावे के बाहारनी सुंदरता उपर

मोहित थइ परिणामे हानि करनारा विदेशी पदार्थोना प्रचारथी बचे.

'अमृतबजार पत्रिका' कलकत्ता, ता ३०-८-०९ मां लखे छे के:-आपणे विचारवुं जोइये के भारतवर्ष कारीगरीमां केवो उतरी पड्यो छे ? एक वखत एवी पण सुदशामां हतो के व्यापारनी केटलीक वस्तुओ वेचनार ते एकलोज इजारदार हतो. अने ते द्वारा अगणित संपत्ति आ देशमां आवती हती. परंतु दुर्दैवे एक पछी एक आपणे ते सघळुं खोइ बेठा छीए. * * * दुनियाना सर्व देशोने हिंदुस्थान खांड पुरी पाडतो हतो, हाल तेथी विपरीत थइ रह्युं छे. खरुं जोतां 'शुगर' शब्द संस्कृत 'शर्करा' शब्दथी नीकळेलो छे. परंतु हाल 'बीटरुटे' ते शर्करा नाम मिथ्या कर्युं छे अर्थात् बीटरुटनी विदेशी खांड सस्ती अने सुंदर आववाथी देशी खांड-शर्करानो उद्योग पडी भागतो जाय छे. पण बीटरुटनी खांड अपवित्र अने भ्रष्ट होवाथी रोगोत्पादक अने नुकशान कारक होवाना सबबे खावा लायक नथी.

'एन्सायक्लोपेडियाब्रिटानिका' ना ६२७ मे पाने लख्युं छे के:-१४० अगर १६८ मण खांड लोढानी एक मोटी डेगमां नांखी गाळे छे. खांड गाळवा माटे डेगमां एक यंत्र लगाडेलुं होय छे, जेथी निरंतर उनुं पाणी डेगमां पडे छे. ए रस नियमित हद सुधी उकाळवामां आवे छे बहु मेली खांड तयार थइ जाय छे त्यारे ते खांड लोहीथी साफ थाय छे. उनो रस सुतर अने कंतानना जाळीदार थेलामां नांखी गाळी ले छे अने वचमां वचमां ए थेलीओ साफ करवामां आवे छे. पछी ए रगड रस जनावरोनां हाडकांनी राखनी ३० थी ४० फुटनी उंडाइए छणाइने नीचे राखेला वासणमां आवे छे ए रीते छणवाथी खांडनो रंग बहुज साफ अने सफेद थइ जाय छे.

'शुगर मशीनरी' नामना पुस्तकमां मि. ए जे टेलर सी. इ. साहेब लखे छे केः-खांड साफ करवानी जगा ८-९ मजला उंची होय छे. साफ करवानी खांड सौथी उंचा मजला उपर लेइ जइ तेमां जोइतुं उनुं पाणी अने थोडुं गोरक्त मेळवी नीचे ताप करे छे. ताप वधारे लागवाथी गोरक्तना सत्वमां बधो मेल जामी जाय छे. नीचे लोढाना डंडापर लटकावेली 'बोनूफिल्टर' नामनी कपडानी थेलीमां ते साफ थयेलो रस जलदी जलदी नांखीने गाळी ले छे. अने मेल जलदी ठंडो थइ जाय छे तेथी तेनी चारे' बाजु गरमी आपे छे. कपडानी थेलीमां गळी लेवाथी मेल नीकळी जाय छे तो पण तेनी काळाश जती नथी. तेथी २० थी ३० फुट उंची अने ५ थी ६ फुट घेरावानी चालणीमां हाडकांना कोयलानो भुको पाथरेलो होय छे तेमां थेलीमांनो रस पडवा दे छे, जे चालणीमा थइ नीकळे छे त्यारे तेनो रंग सफेद थइ जाय छे.

**रिसाला मुफीदुल मुजारइन** ' अकटोम्बर १९०३ अंकमां लखे छे केः—सने १८३६ पहेलां हिंदुस्थानमां एटली बधी खांड बनती हती के पोताना खप उपरांत रुपिया बे करोडनी खांड युरोप वगेरे परदेशोमां जती हती; पण अफसोसनी वात छे के इ. स. १८९० मां रु. ३,३९,७९८९१ नी खांड तथा गोळ परदेशोमांथी हिंदमां आव्यां हतां.

जग जाहेर 'बंगाली' पेपर ता ४-११-०५ ना अंकमां लखे छे केः-इ. स. १९०४ मां रु. ६, ८०, १८, १८८ नी अपवित्र विनाशकारी विदेशी खांड भारतमां आवी हती. वळी खांडना एक कारखानानुं वर्णन लख्युं छे तेमां जणावे छे केः-बीटरुट वगेरे कंद मूळमांथी चोवीस कलाकमां खांड तैयार थइ जाय छे. आवी रीते तडामार तैयार थती अपक्व अने अशुद्ध खांड शेलडीमांथी बनती देशी

खांडना जेवी गुणदायक, स्वादिष्ट अने ठंडी नथी ज होती पण रोगकारी अने बदस्वाद होय छे.

खांडमांथी शाकर बनाववी होय तो तेनो रस बनावी दुधथी मेलकाढी नांखवो जोइये. फरी तेनी चांसणी बनावीने छाछरमां अगर हांल्लीके मांटलीमां ढाळीने तेमां एक मिश्रीनो टुकडो नांखी देवो जोइये जेथी मिश्रीनो घटकावयव उत्पन्न थइ मिश्री-शाकर बनी जशे थोडो रस बाकी रहीजाय तो तेनी फरी खांड बनावी लेवी जोइये अथवा ते रस बीजा कोईपण काममां लइ लेवो जोइये. संयुक्तप्रांतमा गोळ मांथी खांड बनाववा मां सेवालनो उपयोग करी तेनी मिश्री बनावेछे. लखनउ अने बिकानेरनां एक बे तलावोनुं पाणी एटलुं बधुं सारुंछे के तेना थी मिश्री घणीज सफेद अने चमकदार बनेछे. जे औषधिमां काम आवेछे अने घणीज मोंघी वेचायछे. परदेशी लोको कदापि मिश्री बनावता नथी. ते लोको 'लुफशुनर' चमकीली दाणादार खांडज पसंद करे छे परंतु तेमां अने आपणी मिश्रीमां आस्मान जमीननो तफावतछे. गोळ खांड शाकर विगेरे पदार्थो आपणा देशमां ज बनता अने अहींथी ते परदेश खाते जताहता.

'**बंगबासी**, कलकता, ता. २०-११-०५ मां लखे छे के:-स्वदेशी खांड शेलडीमांथी बने छे अने दुधथी साफ थाय छे तेथी ते पवित्र स्वादिष्ट अने रोगनाशक होय छे. त्यारे विदेशी खांड बीट गाजर वगेरेनी बने छे अने ते साफ करवामां एवी गंदी अने कुत्सित चीजो वपराय छे के जेनुं नाम सांभळतां कंपारी आवे छे तथा ग्लानि थाय छे. भारत वर्ष आजकाल दुःखी दरिद्र थइ रहयो छे तेनुं कारण ए छे के लोको धर्मनी कंइ दरकार नहि राखतां सस्ती चीजपर तुटी पडे छे. जेमने पोताना धर्मनो कंइ पण ख्याल छे अने

धर्मने प्राणथी पण अधिक समजे छे तेओ अपवित्र परदेशी खांड कदी वापरता नथी. जरा विचारो ! तमारुं सर्वस्व गयुं तो हवे आ साडा त्रण हाथनुं शरीर शा कामनुं ? जे भारत वर्ष नाम बल प्रतापथी विश्वविख्यात थइ रह्यो हतो, आपणा जे पूर्वजो धर्मने माटे जीव आपवाने पण नहि अचकाता हता. पण हाल केवो विषम हाल आव्यो छे, धर्मनी केवी अधो गति थइ छे ! हाय हाय आव्यो छे, धर्मने तुच्छ समजी धर्मपर अश्रद्धा करवा लागी छे अने तेथीज तेनी अघोर दुर्दशा थइ रही छे.पण हवे पोतानुं तथा स्वदेशनुं शुभ चाहाता होतो घृणित, अखाद्य अने अपवित्र चीजो तजी द्यो-हाथ पण नाहि लगाडो अने स्वदेशी पवित्र पदार्थो वापरो के जेथी आपणा धर्म उपर कटाक्ष करवानी कोइ हिमत नाहि करी शके. लाहोरना पंडित ठाकुरदत्त शर्मा वैद्ये ता. १-१०-०४ ना ' अखबार **मनुष्यसुधार** , तथा ता. २०-१--०९ ना ' **हितकारी** , पत्रमां लख्युं छे के:--प्राचीन वैद्यक ग्रंथोमां लख्युं छे के भ्रष्ट खांड जे शेलडी सिवायना बीजा पदार्थोमांथी बनावाय छे तेना सेवनथी महामारी–प्लेग फैलाय छे.

कलकत्तानां **भारतमित्र** ता ३-६-०९ मां भिषग्वर पंडित शिवराज शर्मा लखेछे के:- प्लेगनां मुख्य त्रण कारणोमां सउथी पहेलुं कारण मुंबई थईने आवती विलायती खांड छे. मुंबईनां **वेंकटेश्वर समाचार** ' ता २०-९-०४ मां अछनेरा-आगाना पंडित रामदयाल शर्मा लखेछे के: मोरिसनी अपवित्र खांड खावाथी गामोमां प्लेग फेलायछे ए बात बुद्धिपण स्वीकार करेछे. केमके सने १८९० पछी विलायती खांड मुंबईमां घणी आववा मांडी अने त्यारथी मुबईमां प्लेग थयो, अने जेम जेम विलायती खांडनो वेपार देशनाबीजा भागमां वधतो गयो तेम तेम प्लेग पण फेला तो गयो. अने ते त्यां सुधी के हाल भारतवर्षनो कोई भाग विलायती खांडथी बच्यो नथी तेम प्लेगना सपाटामां

थी पण बचवा पाम्यो नथी. गंगापोल.जयपुरना पं. हनुमानशर्माजी ए आ देशनुं धन जवा तथा धर्मभ्रष्ट थवा सिवाय विलाती खांडना बीजा पण दोष लख्याछे. प्रथम तो अल्प मिष्टछे अने तेना बनेला पदार्थ जलदी बुगडी जायछे. वळी तेना सेवनथी झाडा थवानो लोहीं बगडवानो मोढामां छालापडवानो ततथा कोलेरा वधवानो पण डर रहेछे. त्यारे देशी खांड सघळी रीते लाभकारी अने ग्राह्यछे. आशाछे के लोको आनो विचार करशे.

' सिविल एन्ड मीलीटरीन्यूस ' लुधीआना ता ३०-१-०२ मा लखेछेके:-विलायती बीटरुटनी खांडें भारतने गारत करयोंछे ते देखाती सफेद अने सस्तीछे पण मि. फीनलेना मत मुजब ते घणीज नापाक चीजछे तेथी झेरना प्यालामा दूध बराबर जाणवी.तेना सेवनथी भारतमां घणा रोग फाटी नीकलेलाछे. लुच्चा डुकानदारो ए विलायती खांडमां मणे पांच शेर गोळ मेळवी झांखारंगनी देशीखांड तरीके वेचेछे तेथी लोको ए सावधान रहेवुं. मी. किनले लखेछे के बीटरुटनी खांड चहाय रेतीनी पेठे भले सस्ती मळे तो पण ते कइ कामनी नथी.शरीरमां एक खास किस्मनी खुस्की अने खोटीगरमी पेदाथई जायछे. आ हदथी वधारे खुश्क अने गरम चीज लोहीमां खोटी गरमी पेदा करेछे. जे तेनो जोश नरम पड्यापछी कमजोर थई जवायछे.लोहीनी मंदगति अने विकार ए तमाम बीमारियोनी जड छे. हिंदुस्थान जेवा गरम देशमां शेलडीनी खांड सिवाय हरकोई जातनी खांड माफक नहिं आववानी. अने तेथीज करीने हजारो वर्षों थयां हिंदना शाणा पुरुषोये हिंदना आबोहवाथी वाकेफ थई लसण गाजर अने डुंगळी जेवी गरम चीजो वापरवानी मना करेलीछे. कारण के ते लोहीमां खोटी गरमी पेदा करेछे. पण ज्यारथी लोहीमां खोटी गरमी पेदा करी तबियत बगाडनारी बीटरुटनी खांड छुटथी वपरावा लागीछे त्यारथी नवी नवी जातना रोग-प्लेग

वगेरे पेदा थवा लाग्याछे माटे अपवित्र मारसखांड नहिं वापरवी.
'**श्रीवेंकटेश्वर समाचार**' मुंबई. ता. २४-११-०४ मां विस्तार थी लखेछे तेनो सार अेछेकेः—आपणा पूर्वजोये धर्मरक्षा माटे पोताना प्राण सुद्धां तृणनी पेठे तजीदीधा तेनी संतान हाल धन लोलुप अने धर्म भ्रष्ट थई रहीछे. **गोब्राह्मण प्रतिपाल,** नुं बिरद धरावता क्षत्रियो अने '**जय गोपाल**' बोलता वेश्यो गोवंश उपरनी तमारी भक्ति अने पूज्यबुद्धि क्यां गई ?. परदेशीओ शेलडीनुं नाम शुद्धां नहोतुं जाणता. युरोपियनोने पहेलवहेली खांड बनाववानी तरकीब **मार्को** पोलो प्रवासी द्वारा प्राप्तथइ हती. सने १५०९ मां आरबोनी मारफत स्पेनना दक्षिण भागना सिसीली प्रांतमां अने फ्रान्सना फिरौजिन पर्वतन समीपनी भूमिमां शेलडीनी खेती करावदामा आवी हती. ते वखते डिनडे केथोलिके कानडी देशमांथी शेलडी मंगावी पोताना राज्यमां तेनी खेती करावी हती अने खांड बनाववानुं एक कारखानुं पण खोल्युंहतुं. त्यारथी युरोपमां खांड बनाववामांडी हती. तोपण १८४८ सुधी हिंदमाथी करोडोनी खांड ते परदेशोमां जती हती पण आ बधी जबरी फेरफारी अने पायमाली छेल्लां २०—२५ वर्ष थया थई रहीछे. तो हवे आपणा भारतवासीओए सवेळा सावध थइ जई आपणा नाश पामता खांडना उद्योगने बचाववाने तथा नष्टभ्रष्ट करनारी परदेशी अपवित्र खांडने बोयकोट करवाने तनमन तथा धनथी तत्पर थवुं घटेछे. हवे प्रमाद करवो नही जोइये. विलायत यात्रा करी आवेल एक सज्जन कहेछेकेः- हुं विलायत गयो त्यारे त्यांनां खांडनां केटलाक कारखानां जोवानो प्रसंग आव्यो हतो. ज्यारे पहेलवेहेलो एक कारखानामां गयो तो उपरना मजलामां जतांज सडेलुं--गंधातुं लोही जोई मने वमन थवानी शंका थई. पित्तथी चक्कर आव्या अने ते मकान घुमतुं देखावा लाग्युं. हुं नहोतो जाणतो के आवा आवा अपवित्र अने घृणित पदार्थोथी खांड साफ

थती हशे. परंतु नजरे जोवाथी घणुंज आश्चर्य लाग्युं अने आवी खांड मारा देशीभाईओ सहर्ष सेवन करेछे ए जाणी मने असीम दुःख थयुं. अने केटलाक दहाडा सुधी तो तेनी एवी सज्जड असर मारा मन उपर रही के ज्यारे ए खांड याद आवती हती त्यारे चित्तभ्रामित थई वमननी शंका थई आवती हती. मारे वारं वार चाकित थवुं पडतुं हतुं के हिंदुस्थाननी प्रजा मात्रने जेनो स्पर्श करवाथीज महापाप लागेछे ते एनुं सेवन केम करेछे ? **अहिंसा परमो धर्मः** ए जैनोनो तो परम माननिय धर्मछे अने कोई पण हिंदु हरकोई चीजनुं सेवन करतो होयछे एने कोई ए चीजने माटे कहेके एतो 'गोरक्त अने मांस बराबर छे तो ए शब्दो काने पडतांज ए चीज गमे तेवी सारी हशे तो पण ते फेंकी देशे अने पछी तेना सामुं जोमे पण नहिं. तेवीज रीते मुसलमान भाइयो पण सुअरनुं नाम देतांज गमे तेवी उत्तम चीज हशे तो पण तेना सांमुं नाहिं जुवे अने मुडदाल चीजनुं तो सेवन पण नाहिं करे. पण आ परदेशी खांडमां तो केटला बधां सुअरना हाडकां भेळवता हशे ? ये लोको मांस भोजीछे अने मोटा भागे सुअर-डुक्करनुं मांस खावानो विलायतमां विशेष प्रचार छे. तथा त्यां सुअरनां हाडकां पुष्कळ मळतां होवां जोइये. वळी हिंदमांथी दरवर्षे एकलाख टन हाडकां विलायत जायछे अने खातर तथा खांड वगेरे पदार्थो बनाववाना काममां ते लेवाय छे येवुं कलकत्ताना ता. ३०-११-०३ ना हिंदी **बंगबासी** पत्रमां लखेलुंछे. अहींथी जतां हाडकामां पण सुअरनां तेमज चेपी-झेरीरोग तथा साप अने हाडकायां कुतरां विगेरे प्राणीयोना करडवाथी मुवेला ढोरोना हाडकां पण होय छे अने तेनो भुको खांड साफ करवामां वपरायछे. वळी मुडदाल हाडकां अने मूडदाल जानवरोना लोही तेमज माणसनु मूत्र मेळववामां आवेछे. जेथी हिंदु के मुसलमान कोई पण आ अपवित्र खांडने अडकी शके तेम नहि होवा छतां पण आ अपवित्र मोरस खांडनो आटलो बधो प्रचार केम वधी गयो आखा देशमां

रांजा महाराजानां महेलोथी मांडीने छेक गरीबोनी झुंपडीयो सुधीमां आ अपवित्र खांडनो आदर थई गयोछे अने देशी खांडनो निरादर थवाथी ते मळवी पण मुस्केल थई गईछे तेथी घणुंज आश्चर्य थायछे हुं तो जाणुं छुं के ए खांड शेमांथी बनेछे अने केवी अपवित्र चीजोथी साफ थायछे तथा ते वापरवाथी शाशा अवगुण-हानि थायछे ए लोको नहि जाणता होवाथी तेना सस्तापणा सफेदी अने सफाई तथा चमकदमकथी मोहित थया हशे. पण तेनी अपवित्रता, भ्रष्टता अने दोषो जाण्यां पछी ते गमे तेटली सस्ती चमकीली अने सफाइदार होवा छतांपण भारतवासी भाइओ ते अपवित्र मोरस खांडने अडकशे पण नहि हरगिज नहिं वापरे अने सर्वदा सर्वत्र ए अशुद्ध रोगोत्पादक खांडनो त्यागकरशे पोताना अज्ञान देशबांधवोने चेतवणी आपशे.

'बंगलक्ष्मी' पत्रिकामां लखे छे के:-विदेशी खांड बने छे तेमां जानवरोनुं लोही मेळवी मेल कापे छे. अहीं दुध थी साफ करे छे पण विलायतमां दुध मोघुं मळे छे पण कसाइ खानामांथी लोही सस्तुं मळे छे. हाडकांना कोयलाना भुका थी फील्टर करी मेल काढी नांखीने खूब सफेद खांड बनावे छे. अने ते शेलडीनी नहि पण बीटे गाजर बटाटा वगेरे मांथी बने छे.

विलायतनां पेपरो उपरथी जणाय छे के:-त्यांनी वेजीटेरियन सोसाइटीओना मेंबरो-वनस्पति आहारीओ आ भ्रष्टखांड खाता नथी. ज्यारे हिंदी खांड सर्व देशोमां खावामां आवती हती, त्यारे रोग घणा थोडा थता हता. खांड साफ करनारा उनुं पाणी अने थोडुं गायनुं लोही मेळवीने नीचे आंच दे छे. इटावाना माजी हेडमास्तर मि. हेरिसन साहेब कहेता हता के:-विलायतमां सउथी उमदा खांड बने छे ते सूअरना लोहीथी साफ थाय छे. चेतो! चेतो!! धर्मनुं रक्षणकरो.

ल. भावदया प्रचारक. मुंबई.

# ચંપક અને ચંદ્રાવતી

## અજ્ઞાન વિયોગિની સ્ત્રીનું ચિત્ર

જયારે કોઇ પણ સ્ત્રી પોતાના પતિથી વિખુટી પડેલી હોયછે ત્યારે તેણીનો દેખાવ શોક અને દુખમય હોયછે, જેમકે ચિંતા તુર હોવું, શોકમાં ગરકાવ રહેવું, વિલાપનું કરવું, નેત્રાશ્રુથી શરીરનું મલીન કરવુ ઉદાસી ને ચેહરે હાથઉપર ગાલ મુકી ઊંડી વિચારણામાં પડવું, ઊંડા નિઃશ્વાસા નાખવા, નિદ્રાનું વિચ્છેદ થવું, ખાનપાન અને સ્થાનમાં અણુ ગમાતું બતાવવું, વાત વાતમાં છણુકાઇ જવું, મૌનલઇ બેસવું, કંઇ બોલવાનું હોય તેમાં કંઇ બોલાઇ જવું, અકસ્માત ભયમાં છળીજવું, ભયમાં વિન્હલ થવું, સ્નાન સણધારનું તજી દેવું, કાનથી નહીં સાંભળવું, આંખથી નહીં દેખવું, વગર બોલાવે કંઇનું કંઇ બબડીજવું, આળ જંજાળના સ્વપ્નોમાં ઘડીઘડી ઝબકી ઉઠવું, વાતે વાતે રડી પડવું, હાસ્ય વિનોદ, રમત ગમત, કામકાજ, જ્ઞાનગોષ્ટી, તેમજ સત્સંગતી, અથવા ગીત જ્ઞાન તેમજ નીતી અને ધરમને દુરમુકી દેવાં, વીગરે વીગેરે લક્ષણો સામાન્ય સ્ત્રીઓમાં હોય છે.

આવા આવા દેખાવોમાં ડુબેલી કેટલીક અજ્ઞાન સ્ત્રીઓ આળસ, ભુખમરો, આધી, વ્યાધિ, ઉપાધીમાં ઝીપલાઇજઇ પોતાની જીંદગીને શોકમય અને દુઃખમય કરી નાખેછે. તેથી ઉભયલોક તેના અકાર્યકર થઈ પડેછે. આવી અજ્ઞાન પતી વિયોગીની સ્ત્રીઓ રાત્રી દીવસ આર્ત ધ્યાન અને રૌદ્રધ્યાનમાં મશગુલ બની પોતાના આત્માને અપારાવાર દુઃખમય નરક તીર્યક ગતીમાં ઝીપલાવતી જોવામાં જાવેછે પણ જ્ઞાનવંતી સ્ત્રીઓના વિયોગ વખતના લક્ષણો પણ ઉપર લખેલા લક્ષણો કરતાં પણ કંઈ જુદાજ પ્રકારનાં હોયછે,

## જ્ઞાનવંતી વિયોગિણી સ્ત્રીનું ચિત્ર.

સ્ત્રીઓનો સ્વજાતી સ્વભાવજ કોમલ હોવાથી જોકે રડવું, કુટવું ચિત્તને બળાપામાં નાખવું એ સહજ વાતછે અને વખત–આવે ગમે તેવી દૃઢ રૂદયવાલી સ્ત્રીને પણ જ્યારે તીવ્ર દુઃખ ઉદયમાં આવે છે તે વખત ભાન ભુલી થઇ થોડો વખત સામાન્ય સ્ત્રીઓનાં વિચાર પ્રમાણે પોતાનુ વલણ ચલાવી દેછે ખરી પણ આખર પણ ધારમીક કેલવણી પામેલી સ્ત્રીઓ તરતજ પાછું પોતાનાં માનસીક દુઃખને વિસારે પાડી સહજ સ્વભાવ ઊપર આવી શકે છે.

સામાન્ય અજ્ઞાન સ્ત્રીઓ જેમ ખરેખર પતી વિયોગના દુઃખનાં

વેગના વખત એક કલ્યાંત કરી નાખે છે અને આધી વ્યાધી અને ઉપાધીને વોરી લઇ બળપામાં પોતે અને પર ને પ્રાપ્ત કરે છે તેમ સમજદાર ધારમિક કે ળવણી પામેલો સ્ત્રી વર્ગ, તટલો બધ્ધો તેવા લક્ષણોમાં વ્યાપક થતો નથી; જેથી તેના રૂપ, રંગ, ખાન, પાન, ધ્યાન, અને ભાનમાં એટલોબધો ભેદ પડ તો નથી કે જેટલો સામાન્ય સ્ત્રીઓમાના અજ્ઞાન વર્ગનો વેગ હોય. તેથી તેના રૂપરંગનો ચેહરો બદલાતો નથી. તેની બોલી ચાલીમાં ભેદ બીભત્સ્યતા કદુકતા તુચ્છતા અધૈર્યતા પ્રમુખ દોષો આવી શકતા નથી. તેમજ તેની જ્ઞાન ધ્યાન અને સત્સંગતી વીગેરેમાં પણ બોહોલો ફેરફાર થઇ શકતો નથી.

તેની બુદ્ધીમંદ પડી શક્તી નથી. તેના સદ્વિચારોમાં આવર્ણ આવી શતા નથી, તેની કલ્પના શક્તીમાં ભેદ આવી શકતો નથી.

તેની લજ્જા, મર્યાદ, વિનય, વ્યવહાર, નીતી અને ગતીમાં વધુ ભિન્નતા આવી શકતી નથી અને છેવટ તેનાં આ લોક અને પરલોક સંબંધી સુખોપભોગમાં પણ એટલો બધો ભેદ આવી શકતો નથી કે જેટલો અજ્ઞાન સ્ત્રીયોમાં ભેદ પ્રાપ્ત થતો હોય.

અહિઆં ચંદ્રાવતીના દેખાવમાં પણ એજ બીના બનવા પામી હતી કારણ કે જો કે ચંદ્રાવતી પોતાનાં પતીનાં વિયોગનાં અસહનીય દુઃખો વેઠતી હતી. તો પણ તેણી એવી કોઇક વ્યાવહારીક અને ધાર્મીક કેલવણી લીધેલી હોવાથી તેણીને પોતાના ધર્મ ઉપર એટલી બધ્ધી મજબુત શ્રધ્ધા હતી કે જે જ્ઞાની એ પોતાના જ્ઞેયભાવમાં જોયું હસે તેજ ખચિતથી બનવાનું છે ત્યારે આ ક્ષણ વિનાશી અને માની લીધેલા સંસારીક સુખોપભોગ માટે શામાટે લલચાવું જોઇએ? અને શામાટે એટલો બધ્ધો બળાપો કરી પોતાના આત્માને અસનીય દુઃખોમાં ઝીપલાવવા જેવાં નવા નવા કર્મ બંધનોમાં ઊમેરો કરવો ? કે જેથી ઊભય લોકનાં સુખ સંબંધમાં હાનીયો પોંહોચે ? વિગેરે વિગેરે વિચારોથી તેણી એવી તો સહનશીળ અને સબુરી પકડનારી થઇ હતી કે જેણીને આવા વિયોગી દુઃખો સહન કરવા પડતાં હતાં તો પણ તેણીની રૂદયમાં દીલગીરી; માત્ર પણ કોઇ વખત જોવામાં આવતાં ન હતાં, ત્યારે બળાપા અને અસહનીય વિયોગનાં સામન્ય સ્ત્રીઓનાં આંખમાં આવતાં આંશુ કયાંથી હોય ? આ બાબતના બળાપા કે શોક સંતાપ તો તેણીએ કોઇ વખત નજરે પણ જોયા ન હોય તેવી રીતે ખુશ મીજાજમાં

વર્તતી હતી. આવા આવા સંયોગો વચ્ચે પ્રવર્ત નારી ચંદ્રાવતી કે જેના મનમાં પણ ઉદાસી કોઇ વખત પણ ન હતી ત્યારે તેના શરીરની કાંતીમાં શાનો ફેરફાર હોય ?

આ ઊપરથી વાંચનાર સમજી શકશે કે તેની રૂપ લાવણ્યતામાં જરા માત્ર પણ ફરક ન હતો અર્થાત તેણીનો ચેહેરો એવો તો ઝળકાટી મારવાની સાથે શોભનીક હતો કે કામી પુરૂષોને તો તે ખરેખર એક ચિત્તાકર્ષકજ હતો

જોકે સ્ત્રીયો પોતાના પતીના વિયોગના સમયે પોતાના શરીરપર શોળમાંના કોઇપણ શ્રંગારો ધારણ કરતી નથી તેમજ આ ચંદ્રાવતીના શરીર પર પણ શોળમાંનાં કોઇ પણ વિશેષ શ્રંગાર ન હતા તો પણ તે શ્રંગાર બાહારના દેખાવનાં ન હતાં પણ અંતરીક શ્રંગાર તો તેણીનાં શરીરની સાથેજ રહેલાં હોવાથી તે તો ઝળકતાંજ રહ્યાં હતાં. જે માટે શાસ્ત્રમાંબાહ્ય અને અભ્યંતર એવા બે પ્રકારનાં સ્ત્રીઓના શારીરીક શ્રંગાર બતાવેલા છે તેમાં બાહાર શ્રંગાર તો શરાર પર ધારણ કરવાથી શરીરને શોભાવે છે પણ અભ્યંતર શ્રંગાર તો શરીરના અમુક અમુક ભાગ માંજ ઝળકતા હોવાથી તે શરીરથી જુદા થઇ શકતાંજ નથી. જેમકે સ્ત્રીઓનાં અભ્યંતરીય શોળ શ્રંગાર

चार चतुर्भुज खगनके, फूल फलनके चार;
सोला लच्छन अंगमे, क्यों न करावे प्यार, ॥ १ ॥
शशा जेसी चपलता, मृग नयनी मनुहार;
गज गमनी कटि केशरी, एह चतुर्भुज चार ॥ २ ॥
भों भवरा स्वर कोकिला, शुक नासा अनुसार;
खंजनसी सुकुमारता, यह खग कहिये चार ॥ ३ ॥
दंत तति मचकुंदसी, चंपक बरनी सार;
गल गुलाब मुख कमलसो, यह फूल कहियेचार॥ ३ ॥
स्तन बीली दाडम दशन, अधर बिंब अनुसार;
गुल नारंगा ले रही, यह फल कहिये चार ॥ ५ ॥

સ્ત્રીઓના શરીરમાં ચતુર્ભુજ ચાર પગવાળાં જાનવરોનાં ચાર, ખગએટલે પક્ષીના ચાર, ફુલના ચાર; અને ફળના ચાર એમ સોળ લક્ષણો ( અભ્યંતરીય શ્રં ારો ) હોય છે ત્યારે તેવી ચિત્તા કર્યંક ચલકાટી પુરૂષને કેમ પ્રેમ ઉત્પન્ન ન કરાવે, કરાવવામાં ખામી રાખે, અર્થાત ઉપરલા શોળ શ્રંગારોનાં સબબથી તરતજ પુરૂષોના ચિત્તને સ્ત્રીઓ પોતાના સ્વાધીન લેવામાં કદી ચુકતી નથી,

ચતુર્ભુજ ચાર લક્ષણો

( ૧ ) વિચક્ષણ સ્ત્રીયોમાં શશલા જેવી ચપળતા હોય છે. ( ૨ ) મૃગલી ( હરણી ) નાં જેવાં નેત્ર હોય છે. ( ૩ ) હાથણીના જેવી ચાલ ( ગતી ) હોય છે ( ૪ ) સિંહના જેવી કટી એટલે કેડ હોય છે

પક્ષીના ચાર લક્ષણો.

( ૧ ) ભમરાના જેવી કાલી ભમર ( ભ્રકુટી ) હોય છે ( ૨ ) કોકિલાના જેવી મીઠી મનોહર ચિત્ત પ્રસન્નકારી વાણી હોય છે ( ૩ ) શુક એટલે પોપટની ચાંચના જેવી નાશા એટલે નાશિકા હોય છે ( ૪ ) ખંજન નામના પક્ષીની પાંખો જેવી કોમલતા હોય છે આપક્ષી આરબસ્થાનમાં હોય છે.

ફુલના ચાર લક્ષણો

૧ મચકુંદના ફુલના જેવા સફેદ દાંતોથી ઝળકતું હાસ્ય હોય છે. ૨ ચંપાના ફુલના જેવી ( સોના જેવી ) શરીરની કાંતી હોય છે. ૩ ગુલાબના જેવા ગોરા ગાળ હોય છે ૪ કમળના જેવું ગોળ. અને મનોરંજક મુખ હોય છે.

ફળનાં ચાર લક્ષણો

૧ બોલાનાં ફળ જેવા ગોલ અને કઠણ સ્તન હોય છે. ૨ દાડમની કલીનાં જેવા સ્વચ્છ અને સરખા દાંત હોય છે. ૩ બિંબ એટલે પાકેલાં ધોલાંનાં જેવાં ઓષ્ટ એટલે હોઠ હોય છે. ૪ નારંગીના જેવાં ઉપસેલાં ગાલ ઊપરના ભાગ હોય છે.

ચંદ્રાવતીનું સ્વા ભાવીક સ્વરૂપ અને તેમાં સોદાગરનું ગરકાવ થવું

જોકે યથા વીધી બાંધેલો નહી હોવાથી વાલ આમતેમ વીખરાયેલા હતા તો પણ નાગ ફણીનાં જેવાં ચંદ્રાવતીનાં અંબોડામાં સોદાગરનું ચિત્ત ઠામ રહી શકતું ન હતું. આઠમના અર્ધ ચંદ્રના જેવા તેણીના

કપોળમાં પૂર્ણ ચંદ્રાકૃતી જેવો જીન પુજાનો તિલકજ માત્ર હતો તો પણ તે સાક્ષાત આકાશમાં ઉગેલા ચંદ્રની પેઠે ખરેખર પ્રકાશ માન હોવાથી મનો વેધક અને ચિત્તાલ્હાદક હતો.

સરદ પુનમના પૂર્ણ ચંદ્ર જેવા તેણીના મુખ ઊપરની છબી સાક્ષાત ચિત્તને ચકડોલે ચડાવી આપવામાં અને પ્રેમરાગ ઉપજાવવામાં આ બેહુબ એક ચમક જેવી ચિત્રકારી હતી. હરણીના જેવાં અથવા કમળની પાંખડી જેવાં લંબ ગોલ અને તીક્ષણ અણીદાર તેણીનાં નેત્રો જો કે કટાક્ષ વગરના હતાં તો પણ કામીને કામબાણ લાગવામાં ભમર રૂપી તીરને ખેંચીને ઊછાળવા જેટલીજ વાર હોય એવા દેખતા હતા. અર્થાત કામઠીમાં ચડાવેલા બાંણ જેવાં હતાં.

ચાંપાની લાંબી કળીના જેવું તેણીનું નાક શાક્ષાત પોપટની ચાંચનો દેખાવ દેંખાડવામાં આ બેહુબ ચિત્રકારી હતું. પાકેલાં ઘોલાંના જેવાં તેણીનાં હોષ્ટ વેધક પુરૂષોને પોતાને કાબુમાં લેવાને ચતુર હતાં નારંગીની પેઠે ઊપડતાં અને ગુલાબના ખીલેલા ફુલના જેવા ગુલાબી રંગવાલા ગાલ જોનારને કંઇક ઓરજ રંગમા નાખી દેવા ચતુર હતાં

ખાલેલા કમળનીપેઠે હાસ્યયુક્ત તેણીનાં મુખકમળની શોભા કંઈ ઓરજ વિચારમાળા ઊત્પન્ન કરાવનાર થઇ પડતીહતી.

મોંમળકાની મનવાર કરવાનું તેણીનું વલણ જોકે ખચિતથી નિરવિકારીજ હતું તો પણ જોનારના મનને તો સાક્ષાત કામ ક્રીડાના આમંત્રણ રૂપજ જણાતું હતું.

હાથનાં લેહેકા અને હાલચાલ તો સાક્ષાત કામના આવકારજ હોયની શું? તેવાં દેખાતા હતા.

નારંગીના જેવું ગોલ અને ઉપડતા આકારવાળું સ્તનમંડળ તો સાક્ષાત મનોરંજકની સાથે મનને વીંધી નાખે જેવું અથવા ચકીત કરી નાખે વા સોનાના કળસનું ભાન કરાવનાર થઈ પડતું હતું.

સિંહના જેવી લંક ( કમરનો ભાગ ) પાતલી મુષ્ટીમાં સમાઈ જાય એવી હોવાથી ચિત્તાકર્ષક જણાતી હતી. જંઘા અને કટિપશ્ચાત ભાગ પુષ્ટ અને આ બેહુબ હાથીના કુંભસ્થળના ભાન કરાવનાર હતા.

પગનો દેખાવ સાક્ષાત હાથીની શુંઢને અનુંકરણ કરાવનાર થઇ પડતોહતો.

હંસી અને હરણીની ચાલને માત કરીનાખનારી તેણીની ગતી ખરેખર એક નદીના પૂરના જેવીહતી.

તેણીનાં સર્વાંગનાં દેખાવો એક કામ મંદિરના સ્વર્ગસોપાન જેવા હતા'

વિગેરે વિગેરે એક એકથી ઉત્તરોત્તર તેણીના દેખાવો જોકે તેણીના માનસીક વિકારથી રહીત હતા તો પણ કામી પુરૂષોને તો સાક્ષાત ઘાયલજ કરવામા અપૂર્વ ચિત્રકારી હતા.

આવી આવી ચેષ્ટાઓ પોતાની નજર આગળ આવતા સોદાગર ભાઇ તો ખરેખર ભાન ભુલાજ બની ગયા.

શું લેવું ને શું ખાવું અથવા કયું આગળને કયું પાછળ ખાવાનું છે? તેમાં પણ બીલકુલ ભાન ન હતું. ભાન માત્ર ચંદ્રાવતીના ચિત્ર ઉપરજ લાગ્યું હતું જેમકે તેમાંથી ખસેડી પોતાને તાબે લેવામાં પોતે શક્તી ધરાવતો ન હતો.

ચંદ્રાવતીના રૂપ અથવા દેખાવ ઉપર ઝીપલાવવા મંડેલા તેના મન રૂપી પતંગને કાબુમા રાખવાને હાથમાં સાધન હોય તેમ જોવાતું ન હતું. નિર્વિચાર રૂપી જંગલમાં અથડાઇ પડેલા મનરૂપી ઘોડાને વિવેકરૂપ ચોકડે ચડાવી ખેંચી રાખવામાંના સાધનો બીલકુલ લથડી પડવાથી હવે શું કરવું? આવા વિચાર માળાના મણકા ફેરવવામાં હવે માત્ર બાહાદુરી સમજતો હતો.

આવી આવી ચેષ્ટાઓથી ખરેખર સમજવામાં આવી ગયું કે મોહ રૂપી કીચડમાં સોદાગર ખરેખર ખુચી ગયો છે તેને જેમતેમ સમજાવી મી· સુશીલ ભાઇએ તેને ત્યાંથી જેમતેમ ચળુકરાવી ઊઠાડયો અને દીવાનખાન' માં સેઠજી પાંસે લઇજઇ પાનસોપારી લવંગ એલાચી ખવાડી કાબુમાં રખવાને તેને ધીરજ આપવા વાત ચલાવી. પણ તેને તો તેણીની મોહિનીના હિંદોલામાં હીંચકતો જ જોવામા આવતો હતો.પુછવામાં આવ્યું ત્યારે

ઊંડા નીસાસા નાખીને બોલ્યો અરે સુશીલ! હું કંઇ બોલી શકતો નથી પણ હું તો ખરેખરી મોહોટી પીડામાં ફસી પડયો છું. સુશીલે પુછયું કે પણ તે કેવી રીતની પીડાછે? શું માનશીક છેકે કાયીકછે? તે કહ્યા વગર શીરીતે જાણી શકાય? હું શું જ્ઞાની છું કે વગર કહે જાણી શકું!

સોદાગર ભાઇ તો ઢીલા ઘફ જેવા મૌનધારી થઇ બેશી રહ્યા પણ સુશીલ તેને ઘડીઘડી પુછે છે કે કહ્યા વગર તે શી રીતે તેનો ઊપાયથાય?

સોદાગર બોલ્યો અરે ઊપાય તો તું ધારે તો ઘડીવારમા કરીલે પણ તું જ્યાં લગણ ન સમજે ત્યાં લગણ કહીને શું કરૂ? સુશીલે જણાવ્યું કે પણ તું કહેતો ખરો કે શીરીતની પીડા છે.

સોદાગરે છેવટ જણાવ્યું કે આ સેઠની તે યુવાન ચંદ્રામાં મારૂ મન લલચાયુંછે અને તે મને જ્યાં લગણ ન મળે ત્યાં લગણ મને કહીબી ચેન પડનાર નથી.

અજાયબ થઇ સુશીલ બોલ્યો અરે આ શું તું બકેછે ? આવી સુશીલ ! આ સેઠની એકની એક વિચક્ષણ પુત્રીમાં લલચાવું આશું કહ્યં બરોબર છે. પરસ્ત્રી તો મા બેન જેવી ગણવી જોઇએ.

સોદાગરે કહ્યું એ બધી વાત ખરી પણ મને તો એના વગર બીલકુલ નથી ચાલવાનું. ગમે તે થાઓ. મારૂ સર્વસ્વ નુકશાન થાઓ પણ એકવાર તો એને ભોગવવીજ. અને કદાપી કોઈ ઉપાયથી તેમ ન બની શકે તો આ સંસાર છોડી ચાલતા થવું પણ ભોગવ્યા વગર તો નજ રેહેવું. સુશીલે કહ્યું અરે આતે શું તું બકે છે ? આતું કામ આપણે વ્યાપારીને લાયક છે ?

સોદાગરે જણાવ્યું કે લાયક કે ના લાયકનો સવાલ હવણા હાથ ધરવાનો નથી. હવણા તો આવી ઉત્તમ સ્ત્રી ભોગવી શકાય નહી તો મારો જન્મ વૃથા છે. મારે પ્રાણ અરપણ કરવા કબુલ છે પણ એને ભોગવ્યા વગર હું કહી પણ રેહેનાર નથી. કદાપી તારાથી ઉપાય થાય તો કર અને નહી તો પછી મારે આપઘાત, કરવાનો વખત નજીક જોવો પડશે.

સુશીલ બોલ્યો ! અરેપણ મારાથી આવી વાત તેમને પુછાયજ કેમ ? આતે શું ? નાની શુંનીવાત છે ?

સોદાગર બોલ્યો કે નાહાની હોય કે મોહોટી પણ જો તું મારો મીત્ર હોઈ એક મારા પ્રાણ બચાવે તોજ બચે અને નહી તો પછી આ આત્મ હત્યાનું પાપ તારે શીર છે. હું છેવટ જણાવું છુ કે આ વીસ લાખરૂપીઆનું મારૂંલેણું એકરાત જો એ મારીપાસે આવે તો બીલકુલ છોડીદેવું કબુલ છે.

**कुवयस्स आउरस्सय, वसणासत्तस्स रायरत्तस्स ॥**
**मत्तस्स मरंतस्स य, सब्भावा पायडा हुंति ॥**

ક્રોધીના, આતુર ( ઉતાવળ ) ના, કોઇપણ કષ્ટમાં આવી પડેલાનાં, સ્નેહમાં મુંઝાઇ ગયેલાનાં, ઊન્મત્ત બનેલાનાં, મરણનાં, લક્ષણો તરતજ જાહેરમાં આવે છે એટલેકે ચંદ્રાવતી ઉપરના તેના વિચારો તરત પ્રકાશમાં આવી ગયા હા હા શીકામની અંધતા !

**पुष्पं दृष्ट्वा फलं दृष्ट्वा, दृष्ट्वा स्त्रिणां च यौवनं ॥**
**त्रिणि रत्नानि दृष्ट्वा च, कस्य नो चलते मनः ॥**

ગુલાબનાં જેવાં ઊત્તમ, ખીલેલાં અને સુગંધવાળા ફુલ, આંબા ના રંગી પ્રમુખ મનહર સ્વાદવાલાં ફળ, અને યુવાન સ્ત્રીનું યોવન, જોઈ કોનું મન ચલ્યા વગર રહી શકતું હશે ? કારણકે તે ત્રણ પદાર્થો રસીક રૂષોનાં ચિતને આકર્ષણ કરે એવાં એક રત્ન પદારથો છે

द्विजराजमुखी, मृगराज कटि, गजराज विराजित मंदगतिः ॥
यदि सा दयिता हृदये वसति, क्व जपः क्व तपः क्व समाधिरपि॥

પૂર્ણચંદ્ર સમાન ગોલ અને આલ્હાદજનક જેનું મુખ છે. સિંહના સમાન જેની પાતલી કમર છે, ગજરાજ એટલે હાથીણીનાં જેવી ધીમી ધીમી જેની ગતી એટલે ચાલછે, એવી સ્ત્રી જેના હૃદયમાં આવીને વસે તો તે વખત તેમાં જપતપ સમાધી ક્યાંથી હોય? અર્થાત સ્ત્રીના મોહપાસમાં પડેલાને સદ્વિચાર ક્યાં થી હોય? કહ્યું છે કે

सन्मार्ग स्खलनं, विवेकदलनं, प्रज्ञालतोन्मूलनं, ।
सद्ध्यानावरणं, त्रपापहरणं, पापप्रपा पूरणं, ॥
गांभीर्योद्दहनं, स्वकायदमनं, नीचत्वसंपादनं, ।
धिक्चेतः परदार विक्षणमपि न्यायःकुलीनस्यकिं ॥

સન્માર્ગથી ખસેડનાર, વિવેકથી દુર કરનાર, સદ્જ્ઞાનરૂપ લતાને ઉખેડનાર, સારા ધ્યાન અને વિચારોને ઢાંકી આપનાર, લજ્જા મુકાવી દેનાર, પાપના પ્રચાર વધારનાર, ગંભીર્યતા બાળનાર, પોતાના શરીરનું પણ નાશકરનાર, નીચ માણસોની પંક્તીમાં ગણાવનાર, પરસ્ત્રીનું પ્રેક્ષણ છે. ત્યારે તેમાં ગમન કરવાના વિચારો મનમાં લાવવા એ શું કુલીન પુરૂષોને ન્યાય છે? ધિક્કાર છે ચિત્તને આવા વિચારોમાં પડી પોતાનુ ભવિષ્ય બગાડેછે.

જે પુરૂષો પરસ્ત્રીનાં છંદમાં પડેછે તેઓ પોતે પોતાના પુરૂષત્વની સાથે સમગ્ર પોતાના ગુણોપણ ગુમાવી આપેછે. એક જૈનમુની ગોચરી ગયા હતા તેણે એક સ્ત્રીને સુકીરોટી તોડતાં જોઇ. સુકેલી રોટલી એટલે ખાખરા જેવી રોટલી તોડતાં અવાજ (કડકડ) કરતીહતી. તેને જોઇ મુની બોલ્યા.

रेरे मंडक मा रोदी, यद्यहं खंडितो ऽनया ॥
राम रावण मुंजाद्याः स्त्रीभिः के के न खंडिताः ॥

અલ્યા ખાખરા! શામાટે રૂવેછે!! તું તારા મનમાં એમ જાણતો હશે કે આ અબલા ગણાતી સ્ત્રીએ મને ભાંગી નાખ્યો! તે થી તારૂં અપમાન થયું તારે માનવું નહીં જોઇએ. કારણકે રામ, રાવણ, મુંજ વીગેરે જેવા મહાન પરાક્રમીઓ પણ સ્ત્રીઓ થી કોણ કોણ બચવા પામ્યાછે? જે માટે તુંને હીણપદ લાગેછે, એવાને પણ સ્ત્રીઓએ ખંડીત કરી નાખ્યાછે ત્યારે તુંશી બીશાદમાં છે?

એક મુની ગોચરી ગયા ત્યાં સ્ત્રી ઘંટી ફેરવતીહતી. ઘંટી ફેરવતાં ઘંટી અવાજ કરતી હતી (રોતીહતી) તેને જોઇ મુની બોલ્યા કે?

# श्वेतांबराभ्युदय.

सब श्वेतांबर यति महाशयोंको विदित होयकी अपनी पहिली श्वेतांबर यति महापरिषद (यतिकोन्फरन्स) होनेको आजकाल करते छमास व्यतीत होगए है. कार्य कैसा व्यवसायी है की छ माससें तो अपने उनका रीपोर्ट प्रकाशित करशके है! तथापि श्रावकोंसे अपन शीघ्रगामी है. क्योंकी श्रावगोंकी कोन्फरन्सोके रीपोर्ट प्रकाशित होते एकादवर्ष उपरांत होजाता है. गत मासमें हम सब यति महाशयों पर यति कोन्फरन्सका रीपोर्ट भेज चुके हैं. अब सब साहेबोंने वांचके उनकी काररवाईकी आवश्यकता स्वीकारी होगी. उनकोभी आज एकमास होगया है तथापि आजतक कोई यतिमहाशयों तर्फसे उनकी न्यूनाधिकता वा क्षतीयें न कोईने हमको प्रकाशित करी है. जिससे समजा जाता है की यह रीपोर्ट यथावस्थित और सर्व मान्य गिना गया होगा. अगर कोईकों इनकी न्यूनाधिकता वा क्षति दिखाति होय बहुत हर्षके साथ हमको लिखभेजें हम सहर्ष उनके उत्तर प्रदान करेंगे.

दूर्जनं प्रथमं वन्दे सज्जनं तदनंतरं ॥
मुख प्रक्षालनात्पूर्वं । गुदः प्रक्षालन कर्मवत् ॥

इस न्याय असमीक्षक सज्जनोके अन्यान्य आक्षेपोंके प्रश्नोत्तर प्रदान करना पूर्वापर लाभकारी न समजके उपेक्षा करेंमें. द्रव्य, क्षेत्र, काल, भावानुसार जो सज्जने हमारे कर्तव्योकों समीचीन तया समजतें हैं किंवा उनमें यथातथ्य समयानुसार क्षतीयें देखतें होय उन सज्जोंसें सहर्ष प्रार्थना है की उनोंने अवश्य अपना अपना अभिप्राय प्रदर्शि करना. क्योंकी हमारी प्रवृत्ती सब भाइयोंके हितार्थ और सब भाइयोंके अभिप्रायानु-

सार हि रहती है. सब भाइयोंके अभिप्रायानुसारहि सर्व कार्य बहुमतसे करना यह हि सबको समयानुसार श्रेष्ठ गिनना समुचित गिना जायगा.

यह अपनी पहिली यतिकोन्फरन्सके समारंभ पहिले हम परिपूर्ण तया समजतेथे की हमारे बहुतसे स्वामी भाइयें पधारके अपनी उन्नतीके हितार्थ स्वस्व अभिप्राय अवश्य हि निवेदन करनेका समय कभी न चुकेगें पर भावीभाव प्रसंगसे व हमारी कितनीक क्षतीयोंसे यद्यपि हमने बहुतसा प्रयास व खर्च उठाया था तथापि कितनेक स्वामी भाइयें न आय शके थे तथापि जितने पूज्यवर्ग पधारे थे उनोनेभी अपनी फर्ज अदा करनेमें न काहि क्षती रखी थी. व इतने स्तोक समुदायनेभी जो कुछ किया है सोभी कुच्छ कम न गिना जायगा. क्यों की स्वल्पसमुदाय एकहि समयमें क्या विशेष करशकेंगें ? तथापि जो कुच्छ हुवा सो समयानुसार प्रशंसा पात्र हुवाहि एसा हमारे और भाइयेभी समझेंगे. उनोने मिलके क्या किया सो सब वृत्तांत रीपोर्टसे प्रकाशित कर दीया है. अब अपने क्या करना चहिये इस विषयमें अब दो वाक्य आपके सन्मुख रखते है जिसपर अपने यति महाशयें जरूर विचार करेंगें.

( १ ) अपनी पहिली यतिकोन्फरन्समें जो ठराव हुवेहैं तत्संबंधी करना

( २ ) दूसरी यति कोन्फरन्सके विषय विचार करना.

( १ ) अपनी पहिली यतिकोन्फरन्सके प्रथम विषयमे यह ठराव हुवाथा की केलवणी के लिए सब यति महाशयोंकि सम्मत्ती मिले पीछे यह उद्देशको पार लगाना होगा. सब यति

महाशयोंका पधारना दूसरी कोन्फरन्स समय होगा जब इन विषयको पार लगाना हो शकेगा.

( २ ) दूसरा विषय व्यवहार शुद्धीका था. उस्मेभी समग्र आचार्योंकी सम्मत्ती लेके व्यवस्था करनेका ठराव किया जायगा. जिस्के लिए दूसरी कोन्फरन्समे समग्र आचार्योंको पधारनेका आमंत्रण किया जायगा ओर उनोके पधारनसे यह बातका नियम बांधा जायगा.

( ३ ) तीसरा विषय ज्ञानोपकरणादि सुव्यवस्थाके विषयमे यह ठराव हुवा था की पुस्तकादिक परिग्रहोकी सुरक्षा करनी पर बेचना नही. और एक बडीभारी लायब्रेरी करना. इस लायब्रेरीमे रखनेके लिए सब यतिमहाशयोने अपने अपने ज्ञान भंडारोंकी एकेक यादी लिख भेजना. यह यादीयोंका व दूसरे कितनेक पुस्तकोंका संग्रह इस लायब्रेरी में रखा जायगा. जो अपनी एक विशेष उन्नतीका कारण गिणा जागा .

जिसके लिए सब यति महाशयोंका ध्यान अभी खेंचा जाता हे की सब यतिमहाशयोंने अपने अपने पुस्तकादिकोंकी यादी यति कोन्फरन्समे ( यति ज्ञानचंद्रजीके पास) लिख भेजनेकी कृपा करनी.

( ४ ) चवथा विषयमे यति डायरेकटरी करनेका ठराव सर्वानुमत पास हुवाथा. जिस विषयमे सब यति महाशयोंका अभी ध्यान खेंचा जाता हे की सब यति महाशयोंने अपना अपना गाम नाम ठाम ठिकाणा ठाणा स्व शिष्यादि स्व परिग्रहकी नामा बली यति कोन्फरन्सकी ओफीसपर लिख भेजनेकी त्वरा करनी.

जो यतिमहाशय अपने अपने पुस्तकोकी यादी लिख

भेजें उनके साथहि अपना गाम नाम ठाम ठिकाणा ठाणा और अपने अपने परिग्रहादिभी लिखभेजें.

( २ ) अब दुसरा विचार हमें पुछनेकी जरुर यह हे की आचार्य महाराजो और सर्व महाशयो! अपनी दूसरी यति कोन्फरन्स अपने खर्चसे करनेका आमंत्रण अपने प्रियमहाशय राज्यमान्य श्री पं. प्र. लाधाजी जयवंतजीने कियाहे. सो महाशय यहकार्य करनेमे परिपुर्ण हर्ष सहित करनेकों तयारहे. अबके कार्त्तिकसे फागुण मास तकमे जब जुनागढकी हवा पार्णी अनुकुल होगा तब अवश्यहि करेंगे. इसमें संशय नही.

आजकाल करते छमास तो व्यती होगए मात्र दोसें छमास तकमे जरुर करेगें. कुमकुम पत्रिका उन समय भेजी जायगी. राजमान्य श्री लाधाजी पुंछतेहें कितने ठाणे आवेगें उतनी तयारी रखनेकी हमकों समजपडे. जिसकोलिए सब श्वेतांबर महाशयोने अपनी तर्फसे आनेकी सम्मतीयें विवेक प्रकाशकके उपर लिख भेजनेकी कृपाकरनी.

यति कोन्फरन्स.<br>मुंबइ.<br>पाय धोनी शांति<br>नाथजी मंदिर } ☞ यति ज्ञानचंद्र.

# जाहिर खबर.

यति कोन्फरन्स के दर्शनकी खुशालीमें हमारे विक्रिये पुस्तके चालु वर्षकी कार्तिकी पूर्णिमा तक जो मंगावेंगे उनको निचे लिखे मोल प्रमाण दिये जांयगे.

१ खरतर तप गच्छके पंच प्रतिक्रमण, पाखी सूत्र विधिस हित. कीमत रुप्या सवाहे जिस्का दस आना

२ रत्नसागर दुसरा भाग. जिस्मे सोले संस्कार और जैन इतिहास श्रावगोंका आचार हे. रुप्या अढाईका दो.

३ खरतर पंच प्रतिक्रमण. मूल रुप्या एक, अभी बारे आने.

४ जिन पूजा संग्रह. मूल रुप्या सवा अभी रुप्या एक.

५ खरतर राइ देवसी. मूल छ आना, अभी चार आना.

६ योग रत्नाकर. वैद्यकसार. मूल छआना अभीचारआना.

७ मोहनजैनस्तवनमाला. मूल चारआना अभी दो आना.

मिलनेका पत्ता–मुंबई, भीमसी माणक. मुंबई विचला भोइवाडा, चिंतामणजी मंदिर. कलकत्ता, अफीम चो रस्ता यति जयचंदजी.

# जाहिर खबर.

दो जागिरदार यतिके अच्छे स्थान नावारस पडे हे. उनकी गद्दीपर बिठाने लायक दो यति चाहिये. उनके नामका शिष्य होना होगा. उमर वर्ष पनरासे तीस तक होना, वैदक ज्योतिष धर्मशास्त्र व्याकरणका सामान्य ज्ञान होना, चाल चलन की खातरी गवा देना होगा. उमेदवारोंने अपनी अरजी विवेक प्रकाश ऑफीसपर लिखना.

यतिज्ञानचंद्र

## हमारी विक्रियेक पुस्तकें.

**जैनधर्मसिंधु.** प्रथम भाग तयारहे. इसके आठ परिच्छेद हे. प्रथम परिच्छेदमे सर्व गच्छके प्रतिक्रमणहे. दूसरेमें चैत्य वंदने, स्तुतिये, नवपदादि तपोके गुणना विधि सविस्तर हैं. तीसरेमे दिनकृत्य, रात्रिकृत्य, मासकृत्य, वर्षकृत्य, जन्मकृत्य, सविस्तरहे. चोथेमें छोटे मोटे पांचसो स्तवनहे. पांचवेमें पंच पर्वी प्रमुख सझाय संग्रहहे. छट्टेमे गौतम स्वामीका बडा रास तथा स्तोत्र संग्रहहे. सातवेमें पाक्षीकसूत्र श्रमणसूत्र प्रमुख साधु ओंकी क्रियाविधिहे. आठवेमें श्रावकोंके लग्नविधि प्रमुख सोले जैन संस्कार विधिसहित हे. आठपेजी, एकसो फारम, शास्त्री हर्फ, आठसो पृष्ठ, सुंदर कागज, झलकदार जिल्द बांधि हे. किमत मात्र पांच रुप्या. निर्णयसागरमें छपायाहे.

**पंच प्रतिक्रमण,** पाक्षिक सूत्र, श्रमणसूत्र, विधि सहितहे, निर्णयसागरके शास्त्री टाइप, बत्तीसफर्मा, सुंदर पुठा. रुप्याएक.

**चंपक चंद्रावती.** प्रथम भाग, गुजराती लीपीमे एक वार्ता हे. किमतमात्र बारआना.

**जैनसंस्कारविधि.** गृहस्थोंके सोले संस्कार आचार दिनकर शास्त्र उपरसे भाषांतर किया गयाहे. निर्णयसागरके शास्त्री हर्फ, त्रीस फारम. दोसो पृष्ठ, किमत बारआना.

**प्रश्नोत्तर रत्नमाला व मूर्ख शतक.** भाषा टीका सहित, किमत मात्र एक आना.

**प्रास्तव्य मर्थिक.** एक रसीक वार्ताहे. किमत एक आना

**मूर्त्तीपूजा मंडन.** प्रतिमापूजा मंडनमें हिंदी भाषामें अच्छा खुलासा लिखा गयाहे. किमत एकआना.

**पहिली यतिकोन्फरन्सका रीपोर्ट.** आठ आना

मिलनेका पत्ता—मुंबई. पायधोणी श्री शांतिनाथजी मंदिर.

यति ज्ञानचंद्र.